દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૦ માર્ચ, ૨૦૨૬

# સરકારે હવે કરકસરથી ઇંધણ વાપરવા માટેની માર્ગદર્શિકા બહાર પાડી દેવી જોઇએ

અમેરિકા અને ઇઝરાયેલે ઇરાન પર હુમલો કર્યો અને ઇરાને વળતા હુમલા શરૂ કર્યા તેના પછી પશ્ચિમ એશિયામાં જે ભયંકર યુદ્ધ ફાટી નિકળ્યું તેને કારણે વિશ્વભરના ક્રૂડ ઓઇલ અને ગેસના પુરવઠાને અસર થવાની જે ભીતિઓ સેવાતી હતી તે હવે સાચી પડવા માંડી છે. યુદ્ધ શરૂ થયાના થોડા જ સમય પછી ઇરાને હોરમઝની સામુદ્રધૂનિ તરીકે ઓળખાતો સમુદ્રી માર્ગ બંધ કરી દીધો. આ માર્ગે દુનિયાભરના કુલ ક્રૂડ ઓઇલ પરિવહનના એક મોટા હિસ્સાનું પરિવહન થાય છે. આ સપ્લાય ખોરવાતા અને અખાતી દેશોના ઓઇલ ઉત્પાદનને પણ ફટકો પડતા વૈશ્વિક ક્રૂડના ભાવ વધવા માંડ્યા છે અને ખનિજ તેલની તંગીનો ભય સર્જાયો છે. ભારત ખનિજ તેલનો એક મોટો આયાતકાર દેશ છે અને તેની વિશાળ વસ્તી જોતા તેની ખનિજ તેલની જરૂરિયાત ઘણી વધારે છે આથી તેણે હવે આગોતરા પગલા લેવાનું શરૂ કરી દીધું છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ જો લાંબો ખેંચાય, તો પુરવઠો પૂરતો જળવાઈ રહે તે માટે ભારતીય રિફાઇનર્સે અમેરિકા, રશિયા અને પશ્ચિમ આફ્રિકા પાસેથી વધારાના ક્રૂડ કાર્ગો માટે વાટાઘાટો શરૂ કરી છે. ઉદ્યોગના અધિકારીઓ અને વિશ્લેષકોએ આ માહિતી આપી છે.

દેશની અંદર પણ ઓઇલનો પુરવઠો જાળવી રાખવા પુરી સતર્કતા રાખવામાં આવી રહી છે. રિફાઇનરીઓ, જે કાચા તેલને પેટ્રોલ અને ડીઝલ જેવા ઇંધણમાં રૂપાંતરિત કરે છે, તેમણે મેઇન્ટેનન્સ માટેના પૂર્વઆયોજિત શટડાઉન મુલતવી રાખ્યા છે. તેઓ સામાન્ય પ્રોસેસિંગ રેટ જાળવી રહ્યા છે જેથી બફર સ્ટોક ઊભો કરી શકાય, જે ટૂંકા ગાળામાં દેશની જરૂરિયાત પૂરી કરી શકે. ભારત તેની કાચા તેલની જરૂરિયાતના લગભગ 88 ટકા આયાત કરે છે. ફેબ્રુઆરીમાં આ પુરવઠાનો અડધો હિસ્સો 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માંથી પસાર થયો હતો. હવે ભારતીય રિફાઇનર્સ પશ્ચિમ આફ્રિકા, લેટિન અમેરિકા અને અમેરિકા પાસેથી ક્રૂડ મેળવી રહ્યા છે. વધુમાં, અમેરિકી ટ્રેઝરી વિભાગ દ્વારા રશિયન તેલના વેચાણ અને ડિલિવરી માટે 30 દિવસની છૂટછાટ આપવાથી અન્ય એક માર્ગ ખુલ્યો છે. આ છૂટ એવા રશિયન તેલ માટે છે જે પહેલાથી જ જહાજો પર લોડ થઈ ચૂક્યું છે. આ મુક્તિ 5 એપ્રિલ સુધી માન્ય છે, જે ટ્રાન્ઝિટમાં રહેલા કાર્ગોને પ્રતિબંધક આદેશોના અવરોધો વિના ભારત પહોંચવા દેશે. હાલમાં સમુદ્રમાં જહાજોમાં 120 મિલિયન બેરલ રશિયન ક્રૂડ છે. તેમાંથી લગભગ 15 મિલિયન બેરલ રશિયન ક્રૂડ ભારતના દરિયાકાંઠા (અરબી સમુદ્ર અને બંગાળની ખાડી) પાસે ટેન્કરોમાં છે, જ્યારે અન્ય 7 મિલિયન બેરલ સિંગાપોર પાસે પડ્યા છે.

અમેરિકાના પ્રતિબંધ અને છૂટના દેખીતા ખુલાસામાં ભારતના તેલ મંત્રાલયના અધિકારીએ સ્પષ્ટ કર્યું કે ભારતે ક્યારેય રશિયન તેલ ખરીદવાનું બંધ કર્યું નહોતું. ફેબ્રુઆરીમાં ભારતે દરરોજ 1.04 મિલિયન બેરલ રશિયન ક્રૂડની આયાત કરી હતી. તેમણે કહ્યું, કાચા તેલ અને ફિનિશ્ડ પ્રોડક્ટ્સના સંદર્ભમાં અમે ખૂબ જ આરામદાયક સ્થિતિમાં છીએ. આપણી પાસે 50 દિવસની માંગ પૂરી કરી શકાય તેટલી ઇન્વેન્ટરી છે. ભારતની વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત લગભગ 9.5 દિવસની નેટ ઓઇલ આયાતને આવરી લેવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત, સરકારી તેલ કંપનીઓ પાસે 64.5 દિવસની આયાત જેટલો સ્ટોક છે, જે કુલ સંગ્રહ ક્ષમતાને આશરે 74 દિવસ સુધી લઈ જાય છે. જો કે, વિશ્લેષકોએ ચેતવણી આપી છે કે વૈકલ્પિક સ્રોતોથી તેલ તો મળી રહેશે, પરંતુ ઊંચા ભાવ, વધતું નૂર અને વીમા પ્રીમિયમને કારણે ખર્ચનું માળખું બગાડી શકે છે. 28 ફેબ્રુઆરીએ જ્યારે હુમલા શરૂ થયા ત્યારે ક્રૂડ તેલની કિંમત 70 ડોલર હતી, જે હવે વધીને 92 ડોલર પ્રતિ બેરલથી વધુ થઈ ગઈ છે. LNG ના ભાવ પણ બમણા થઈને 24-25 ડોલર પ્રતિ MMBtu થયા છે. ક્રૂડના ભાવમાં દર 10 ડોલરનો વધારો ગ્રાહક ભાવ સૂચકાંક (મોંઘવારી) માં 20-25 બેસિસ પોઈન્ટ્સનો વધારો કરી શકે છે અથવા જો ટેક્સ ઘટાડવામાં આવે તો રાજકોષીય ખાધમાં વધારો કરી શકે છે. આમ ક્રૂડની કટોકટીની અસર અર્થતંત્ર પર વ્યાપક થઇ શકે છે. આથી જ સરકારે અત્યારથી જ લોકોને કરકસરથી ઇંધણ વાપરવાનું માર્ગદર્શન આપણી ગાઇડલાઇન બહાર પાડી દેવી જોઇએ.

## અગત્ય સમજો



એક ગામમાં એક મોચી હતો. આખા ગામમાં માત્ર એક જ મોચી હતો તેથી તે આખો દિવસ કામમાં જ રહેતો. લોકોનાં પગરખાં રિપેર કરતો રહેતો. ગામની નજીક ખાણ હતી અને ખાણમાં કામ કરતાં મજૂરોનાં જૂતાં બહુ જલ્દી ઘસાઈ જતાં, તૂટી જતાં અને જૂતાં વિના મજૂરો કામ પર જઈ શકતાં નહીં તેથી મોચી બિચારો પોતાની પરવા કર્યા વિના રાતભર દરેક મજૂરનાં જૂતાં રિપેર કરતો જેથી તેઓ બીજે દિવસે કામ પર જઈ શકે. મોચી ન પોતાની પરવા કરતો, ન પોતાની ઊંઘની, ન પોતાનાં જૂતાંની ...મોચીને પોતાનાં જૂતાં રિપેર કરવાનો પણ ક્યારેક સમય ન મળતો. આમ ઘણો સમય પસાર થતો ગયો અને મોચીનાં પોતાનાં જૂતાં સાવ ઘસાઈ ગયાં. મોચીએ ન જૂતાંને રીપેર કર્યાં કે ના પોતાને માટે નવાં જૂતાં બનાવ્યાં.સમય વીતતો ગયો. મોચીનાં જૂતાં સાવ ખરાબ થઈ ગયાં. પરંતુ ગામમાં બીજાં બધાંનાં જૂતાં રિપેર કરવામાં વ્યસ્ત રહેનાર મોચીનાં જૂતાંમાંથી ખીલીઓ બહાર નીકળી વાગવા લાગી અને મોચીના પગમાં જૂતાંના ડંખ પડી ગયા... ઘા પડી ગયા... ગામ લોકો જે મોચી પાસે પોતાનાં જૂતા બનાવડાવતાં અને રીપેર કરાવતાં હતાં તેઓ પણ મોચીને કહેવા લાગ્યા 'ભાઈ, તારા પોતાના પગના ઘા જો નવાં જૂતાં બનાવી લે અથવા તો જૂનાં જૂતાંને બરાબર રીપેર કરી લે.' દરેક વખતે મોચી વાત હસવામાં કાઢી નાખતો અને કહેતો, 'વાંધો નહીં બધું બરાબર છે. સમય મળશે, કરી લઈશ.' હજુ થોડા દિવસો મોચીએ ગામલોકો માટે કામ કરવામાં જ વિતાવી દીધા. પોતાના પગની ચિંતા ન કરી અને ન ઘસાયેલાં જૂનાં જૂતાં રીપેર કર્યાં, ન નવાં બનાવ્યાં. પરિણામ આવ્યું કે મોચીના પગના ઘા ખૂબ જ ઊંડા થઈ ગયા. હવે તે ચાલી શકતો ન હતો. પોતાના પગ પર ઊભો રહી શકતો ન હતો. હવે તે કામ પણ કરી શકતો ન હતો અને પરિસ્થિતિ એ હતી કે ગામમાં એક જ મોચી હોવાને કારણે હવે કોઈનાં જૂતાં ફરી રિપેર ન થતાં કે નવાં ન બનતાં તેથી હવે ગામમાં બધાના પગમાં ઘા પડીને દુખાવો થવા લાગ્યો. આવું થયું કારણ કે મોચીએ પોતાનાં જૂતાં રિપેર કરવાનો સમય જ ન કાઢ્યો. આ નાનકડી વાર્તા પરથી સમજવાનું છે કે જ્યારે તમે કોઈ જવાબદારીભર્યું કામ કરો છો,ઘણા અન્યની જવાબદારી તમે પોતાના ખભે ઉપાડી છે ત્યારે તમારી પોતાની અગત્યને સમજો. જો તમે પોતાની અગત્ય નહીં સમજો, પોતાની જાતનું ધ્યાન નહીં રાખો તો તમે બીજાની મદદ પણ નહીં કરી શકો. યાદ રાખો, હંમેશા જાતનું ધ્યાન રાખવું કારણ અન્ય કોઈ તમારું ધ્યાન નહીં રાખે, પોતાની અગત્યને સમજો.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

# ભારતના શિક્ષણ જગતમાં અનેક જગ્યાએ ગલગોટે ગલગોટા છે

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

દિલ્હીની સમીટમાં એક યુનિવર્સિટીના ભોપાળાએ ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ચાલતાં અનેક કૌભાંડો વિષે લોકોને વિચારતાં કરી દીધાં છે. ગુજરાતમાં ખેતરોમાં ઊગી નીકળેલી બી. એડ. કોલેજો, માત્ર પ્રવેશ અને પરીક્ષા દ્વારા ડીગ્રી મેળવતાં બાળકો, નકલી કોલેજો નાલ્કલી શિક્ષકો ...બારોબાર ટાઈપ કરવી રજૂ થતા શોધ નિબંધો ,ભોજન સમારંભ બાદ પૂરા થઈ જતા શિક્ષણના સેમિનારો, વિદ્યાર્થીઓ અને શિક્ષક અધ્યાપક દ્વારા સીધા કોપી પેસ્ટ કરી પોતના નામે ચડાવી દેવાતાં રીસર્ચ પેપર. આ બધું જ જાણે સાવ સહજ બની ગયું છે. કોલેજોની પરીક્ષામાં ચોરી તો હવે સાવ સહજ સ્વીકાર્ય છે.

ગુજરાતની ઘણી સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં શિક્ષકો નથી અને શિક્ષણકાર્ય બગડે છે તે પ્રશ્ન તો હજુ ઊભો જ છે ત્યાં નવો પ્રશ્ન સામે આવ્યો છે કે ઘણી શાળાઓમાં શિક્ષકો છે પણ તે સ્કૂલમાં જતાં નથી!

ચાલુ પગારે વિદેશોમાં વસતાં ગુજરાતનાં શિક્ષકોના સમાચારો છાપાં અને ચેનલમાં છવાયેલા રહ્યા હતા. સરકારે આવાં શિક્ષકોને કડક સજા કરવાનું કે બરતરફ કરવાનું નક્કી કર્યું હતું. ગુજરાતમાં નકલી કચેરી, નકલી અધિકારીના સમાચારો પછી અસલી શિક્ષકોના ગાયબ થયાના સમાચારો આપનું તંત્ર કઈ હદે ખાડે ગયું છે તે બતાવે છે. જાણકારો કહે છે કે ગુજરાતમાં ચાલુ પગારે "ઘેર" હાજર રહેવું, અન્ય સ્થળે રહેવું અને હાજર રહીને કાંઈ ના કરવું એવા પણ કિસ્સા શોધવામાં આવે તો માત્ર શિક્ષકો નહિ અનેક સરકારી કર્મચારીઓ પકડાશે જેઓ ચાલુ પગારે વિદેશ હશે કે અન્ય ધંધા વ્યવસાય કરતા હશે. એટલે મૂળ મુદ્દો કઈ હદે શાસનની પકડ છૂટતી જાય છે તે છે. આપણે ત્યાં કશું પણ ખોટું થાય ત્યારે તત્કાલ નથી પકડાતું ..બહુ જ સમય વીતી જાય પછી અકસ્માતે પકડાય છે. ડ્રગ્સ હોય, દારુની હેરાફેરી હોય, નકલી ફેક્ટરી હોય કે શિક્ષણમાં આરોગ્યમાં કૌભાંડ હોય, પાંચ સાત વર્ષ પછી જ પકડાય છે. સમાચાર આવે છે કે આટલાં વર્ષોથી આ ચાલતું હતું! (અને છતાં આપણે સરકારની ટીકા નહિ કરવાની.) બાકી શિક્ષણમાં ખરેખર શું ચાલે છે તેની વ્યાપક તપાસ કરો તો ખબર પડે કે ગુજરાતમાં શિક્ષક હાજર હોય કે ના હોય શિક્ષણના સ્તરમાં કોઈ ફેર જ પડવાનો નથી એ હદે તંત્ર બગડી ચૂક્યું છે.

થોડા સમય પહેલાં શિક્ષણમાં ભ્રષ્ટ વ્યવસ્થા માટે એક ટુચકો પ્રખ્યાત હતો ( જોક ) એક અંતરિયાળ ગામડાની શાળામાં ઈન્સ્પેકશન આવ્યું. શાળા કાગળ ઉપર ચાલતી હતી. હકીકતમાં શિક્ષણ જેવું કશું હતું નહીં. શાળાના સંચાલકે ઈન્સ્પેકશન માટે આખી એક દિવસની વ્યવસ્થા ઊભી કરી. ઈન્સ્પેકશન આવ્યું. એક ઈન્સ્પેકટર આવ્યા. ચાલો વર્ગ ખંડમાં ...પ્રિન્સીપાલે એક શિક્ષકને સાથે મોકલ્યા..... સાહેબ તો વર્ગમાં ગયા. વિદ્યાર્થીઓને કહ્યું કે હું થોડા પ્રશ્નો પૂછું તેના જવાબ આપો. પ્રથમ પ્રશ્ન ''સૂર્ય કઈ દિશામાં ઊગે છે'' ? છોકરાઓએ હાથ લાંબો કરી કહ્યું: "આણી કોર" .....સાહેબ બોલ્યા :હા પણ દિશા કઈ? છોકરા બોલ્યા "ભગો જાણે" શિક્ષકે સાહેબને કહ્યું, એમને આવડે છે. પણ, એમની ભાષા આવી છે. સાહેબે બીજો પ્રશ્ન પૂછ્યો "દેશના રાષ્ટ્રપતિ કોણ છે?" છોકરા કહે "ભગો જાણે." હવે સાહેબ ગુસ્સે થયા. અલ્યા તમને આટલું ય નથી આવડતું. ભણશો જ નહીં તો ભીખ માંગશો ડોબાઓ અને આટલું સાંભળતા જ એક છોકરાનો પિત્તો ગયો. સાહેબ જેમ તેમ ના બોલો ..અમે ભીખ નો માગીએ ..અમે તો ભેંસ ચરાવતા હતા. આ તો આ સાહેબ કહે કે ચાલો, એક સાહેબ આવે છે તો થોડી વાર રૂમમાં બેસો ..પછી જમવા મળશે ..એટલે આવ્યા. જમવાનું ના હોય તો વાંધો નથી પણ જેમ તેમ નહીં સાંભળીએ.

સાહેબે શિક્ષક સામે જોયું ...ઉલ્લુ બનાવો છો? શિક્ષકમાં જ નૈતિકતા ના હોય તો આ લાઈનમાં જ શા માટે આવો છો. જરીક તો શરમ કરો ,,ગાયો ભેંસ ચરાવતા છોકરા ભેગા કરવાના? આટલું બોલ્યા ત્યાં શિક્ષકનો પિત્તો ગયો. એ સાહેબ ભાનમાં રહો. આ તો મને અહીંના સંચાલકે વિનંતી કરી એટલે આજના દિવસ માટે હા પાડી, બાકી મારે આવી નાવારાઈ નથી. શિક્ષક થવું હોત તો ક્યારનોય થઈ ગયો હોત. મારી તો ત્રણ હોટલ અને છ લકજરી બસો છે. ઈન્સ્પેકશનમાં આવેલા સાહેબ ચમક્યા. ઓહ તો તમે પણ નકલી છો. ચાલો પ્રિન્સીપાલ પાસે. બન્ને ઓફિસમાં ગયા અને સાહેબે પ્રિન્સીપાલને ધમકાવ્યા. આવા ધંધા? અમને ઉલ્લુ બનાવો છો કે દેશ સાથે ગદ્દારી કરો છો? સાહેબ બોલતા ગયા અને પ્રિન્સીપાલ ચુપચાપ સાંભળીને ટેબલના ખાનામાંથી એક નોટોનું બંડલ કાઢ્યું. ઈન્સ્પેક્ટર સામે ફેંક્યું અને બોલ્યા ..લ્યો આ ઈન્સ્પેકટર બગડ્યા ..મને લાંચ આપો છો મને તમારા જેવો ગણ્યો? તમે મને ઓળખતા નથી. ત્યાં પ્રિન્સીપાલ બોલ્યા. સાહેબ લઈ લો દસ હજાર છે. મારા ફૂવા કહેતા જ હતા કે એક સિધ્ધાંતનું પૂંછડું ઈન્સ્પેકટર આવશે, ગુસ્સો કરશે પણ તું જવાબ ના આપીશ. આ દસ એના મોં ઉપર મારજે એટલે ચૂપ થઈ જશે. મેં અહીં મૂક્યા. બાકી ફૂવા હોત તો ફેક્ય જ હોત અને થોડો સન્નાટો છવાયો. ઈન્સ્પેકટર મલક્યા અને દસ હાજર ઉઠાવતા બોલ્યા, કંઈક તો સાચું રાખો આ તો ઠીક છે કે મારા કાકાને તાવ આવ્યો એટલે મને મોકલ્યો. બાકી મારા કાકા જાતે આવ્યા હોત તો તમને અંદર કરી દેત. કંઈક શરમ કરો. ભગવાનની તો બીક રાખો અને સાવ દસ? મોંઘવારી તો જુવો અને શિક્ષણ સંસ્થામાં સ્મિત ફેલાયું.

કોઈ પણ દેશ કાળમાં જ્યારે ગમ્મતમાં કહેલી વાતો, ટુચકાઓ સાચા પડવા માંડે તો સમજવું કે સ્થિતિ ગંભીર છે. ગુજરાતમાં અત્યારે શિક્ષણની હાલત ગંભીર છે. સંસ્કૃતમાં સુવાક્ય છે કે ધર્મ, ધીરજ, સ્ત્રી અને મિત્રની ખરી કસોટી વિપત્તિકાળમાં થાય છે. આપણી વ્યવસ્થાઓ અને ફરજો એ જ આપણો ધર્મ નક્કી કરે છે અને કોરોના જેવા વિપત્તિકાળમાં આપણે કેવું વર્તન કરીએ છીએ તે જ આપણું ખરું ચરિત્ર!

આપણે ત્યાં ફી ભરો અને ડીગ્રી મેળવોવાળી સિસ્ટમ બધાને ફાવી ગઈ છે. એમાં આવ્યો કોરોના, જેમાં નિષ્ઠાવાન લોકો અને સંસ્થાઓ પણ મજબૂર બની ગયા. થોડું ઘણું પણ જે ચાલતું હતું તે ખાડે ગયું અને આજે સ્થિતિ એ છે કે કોરોના કાબૂમાં આવ્યો પણ શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલી અરાજકતા ઘટવાનું નામ લેતી નથી. શાળા કક્ષાના પ્રશ્નો જુદા છે અને કોલેજ કક્ષાએ પ્રશ્નો જુદા છે. પણ સૌથી મોટો પ્રશ્ન એ છે કે કોઈ નિસ્બતપૂર્વક વિચારતું જ નથી કે આ મુશ્કેલ સ્થિતિમાં શું કરવાથી શિક્ષણ સારી રીતે ચાલે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ભેટીને ભૂલવાનો અવસર એટલે ધુળેટી..!

મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'



મને પણ ખબર છે ભૈઈલા, કે વિષય વાંચીને તમારાં ભવાં ચઢવાનાં છે અને બોલવાના છો કે, એના કપાળમાં કાંદા ફોડું, રામ નવમી ને હનુમાન મહોત્સવના તહેવાર આવવાના ટાંકણે આ ખજૂરે હોળી-ધૂળેટીની રામાયણ કાઢી? વાત ખોટી નથી. લેખ છપાશે ત્યારે હોળી હવન જેવી બની ગઈ હશે. ક્યાં તો ટાઢી થઈ ગઈ હશે ને ધૂળેટીનું પીલ્લું વળી ગયું હશે. સખા(ખી)ઓની 'રંગાઈ જા ને રંગમાં' ની ગુંજ ગાયબ થઈ ગઈ હશે. પેટછૂટી વાત કરું તો, આ વાત ઉપર લખવાનો ઉભરો તો મને વસંત પંચમીથી આવેલો. પણ એવું થોડું છે કે, માણસને જ ગ્રહણો નડે? તહેવારોને પણ નડે.! આકાશી ગ્રહણ તો પાળીએ, એટલે ટાઢું પડે, માણસના ગ્રહણ તો આકાશી ગ્રહણ કરતાં પણ ખતરનાક.! એમાં જો વાઈફનું ગ્રહણ લાધ્યું તો ખલ્લાસ.! લીંબુ- મરચુંની પોટલી પણ આડી નહિ આવે. છમ-છમાછમ અવસર ટાણે, ચંદ્રગ્રહણનો વેધ ભરાય તે પહેલાં, એકની એક પત્ની શૈલીએ એવી હોળી સળગાવી કે, પાદરની હોળીએ નાળિયેર ચઢાવવાની નોબત જ નહિ આવી. ઘરમાં જ હોમાઈ ગયો! અંગત વાતની પબ્લીટીટી (સીટી) તો નહિ કરવી જોઈએ, પણ જે લોકો એમ કહે કે, 'ધાર્યું ધણીનું થાય છે' એ વાત ખોટી.! ક્યાંક ધાર્યું ધણિયાણીનું પણ થાય દાદૂ.! ત્યારે આકાશી ગ્રહણ કરતાં સંસારના ગ્રહણની આડ અસર વધારે લાધે! જો કે, તમારે આવા Havi પ્રોબ્લેમ ના હોય એ હું સમજુ છું. પછી તો જેવી જેની વાઈફ! બાકી ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળું વાસવા બેઠો છું, એ વાતમાં તથ્ય તો છે! ચોખવટ પૂરી!

કહેવાય છે કે, સમય અને સ્મૃતિના મામલે, અમારું આખું ખાનદાન મૂળથી જ માર ખાતું આવેલું! જનમવામાં પણ હું મોડો પડેલો અને પૈણવાની તારીખને બદલે, બે દિવસ મોડો કન્યાને માંડવે પહોંચેલો, ત્યારે લગનના માંડવા પણ છૂટી ગયેલા ને કન્યા પણ બીજે ગોઠવાઈ ગયેલી. મારે લીલા તોરણે Return થવું પડેલું બોસ! ફરી વાર પીઠી ચઢાવવી પડેલી તે બોનસ! એમ આ લેખ લખવામાં પણ મોડો પડ્યો.! હોળી-ધૂળેટી પણ ચાલી ગઈ. બાકી આ હોળી-ધૂળેટી મને ગમે બહુ. ભણતાં ત્યારથી આ બંને તહેવારોએ મારો પીછો મૂક્યો નથી. ગુજરાતી-હિન્દીના પેપરમાં હોળી કે ધૂળેટીનો નિબંધ ના પૂછાય તો, પ્રશ્નપત્ર કાળ-પત્રિકા જેવું લાગતું. વગર લગને અમે 'વિધુર' થઈ ગયા હોય એવા બેહાલ બની જતા. કારણ કે માર્ક્સનું વધારેમાં વધારે ઉત્પાદન, અમને નિબંધમાંથી જ મળતું. શિક્ષકોને પણ આ નિબંધ વધારે ફાવતા. એ પણ માનતા કે માર્ક્સમાં બરકત લાવવી હોય તો, હોળી-ધૂળેટીના જ નિબંધ પુછાય.! (રખે માનતા કે, બરકતી શબ્દનો પ્રયોગ પૈસા માટે જ થાય, અમારા વખતે 'માર્ક્સ' માટે પણ બરકતી શબ્દ વપરાતો !) અમારી પણ એ જ કમાણી ને બોસ.! હોળી કે ધૂળેટીનો નિબંધ આવે એટલે પરીક્ષામાં બેઠા બેઠા ભાંગડા કરતા. રાજીના એવા 'રેડ' થતા કે, શમણામાં આવેલી પરી પરીક્ષામાં હાજરાહજૂર થઈ ગઈ હોય, એવી ગલીપચી થતી. ઊર્જાનો એવો ધોધ છૂટતો કે, HK એટલે કે, (હિરણ્યકશ્યપ) થી માંડી, મહોલ્લાના હસુકાકાના બાંકડા સળગાવ્યા સુધીની વાતથી સપ્લીમેન્ટરી ભરી દેતા.

માણસની તો ખાસિયત છે કે, એને જીવતર સાથે રોમાંચ જોઈએ જ.! હોળી પછી ધૂળેટીનો આનંદોત્સવ આવે. થોડી થોડી 'હોળી' હોતી હૈ, થોડી થોડી 'ધૂળેટી' હોતી હૈ, તો, જીવન હરાભરા કબાબ જેવું લાગે. જીના ઉસીકા નામ હૈ મામૂ.! ઉકરડા બાળવાથી હોળીનું પ્રાગટ્ય થતું નથી એમ, જાતે લોટના ડબ્બામાં માથું મારવાથી ધૂળેટીનો આનંદ મળતો નથી. સામે કોઈ જીગરજાન રંગનાર પણ જોઈએ. ધૂળેટી માત્ર રંગ છાંટવાનો તહેવાર નથી, રંગ જમાવવાનો વહેવાર પણ છે. પણ માણસ પૈસાઘેલો એવો થઈ ગયો કે, આજકાલ તો સાલી તહેવારોની મઝામાં પણ મંદી આવી ગઈ. હોળીનું 'લેટેસ્ટ' વર્ઝન આવ્યું હોય એમ, ઈરાન, ઈઝરાઈલ, દુબઈ અમેરિકા, બહેરીન, અબુધાબી, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને અમેરિકાએ તો જુદા જ પ્રકારની 'આકાશ' માં હોળી ખેલવા માંડી. એમાં પાદરની હોળી 'વોલ્ટેજ' વગરની ફિક્કી પડી ગઈ.

કાંઠે પહોંચેલાં ઘણાં વૃધ્ધો બળાપો તો કાઢે કે, " ક્યાં ગોકુળ વૃંદાવનની હોળી ને ક્યાં આજની આડેધડ રંગોની ધૂળેટી? અમારા જમાનામાં ધૂળેટી આવે એટલે, ગલી-ગલી રંગમંચ બની જતી. રંગાઈને એવા લઠ્ઠ થઈ જતા કે, ૧૨ છોકરા નવડાવીએ ત્યારે માંડ પોતાનું છોકરું મળતું, 'ઈસ રૂટકી સભી લાઈન વ્યસ્ત હૈ' જેવી ગલી બની જતી. ખડૂસો નિર્લેપ રહેતા ખરા, પણ એ બધા કાપડિયાની દુકાન બહાર શોભામાં ઊભેલા પ્લાસ્ટિકના પૂતળા જેવા લાગતા. ધૂળેટીમાં ધીંગામસ્તી નહિ કરે તો, અડધી કાઠીએ ફરકતા ધ્વજ જેવાં લાગતા.સો વાતની એક વાત, જગતને જે કહેવું હોય તે કહે, પણ ભેટીને ભૂલવાનો અવસર એટલે ધૂળેટી!

ગુજરાતી-હિન્દીના પેપરમાં હોળી કે ધૂળેટીનો નિબંધ ના પૂછાય તો, પ્રશ્નપત્ર કાળ-પત્રિકા જેવું લાગતું. વગર લગને અમે 'વિધુર' થઈ ગયા હોય એવા બેહાલ બની જતા. કારણ કે માર્ક્સનું વધારેમાં વધારે ઉત્પાદન, અમને નિબંધમાંથી જ મળતું.

**લાસ્ટ બોલ**

ભારતના મહાન વૈજ્ઞાનિકનું નામ બોલ.
આલિયા ભટ્ટ સર.!
શિક્ષકે જેવી ફૂટપટ્ટી કાઢી કે,
ચંપુ આડો ફરી વળ્યો.
સર.! એને મારતા નહિ. એને
બોલવામાં તકલીફ છે, એટલે
'આર્યભટ્ટ' ને બદલે, આપણને
'આલિયા ભટ્ટ' સંભળાય છે.!
તારા કપાળમાં કાંદા ફોડું.!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રાઈટ ટુ રિકોલ

ગણતંત્રમાં હજી એક મોટી ખામી ચાલતી રહી છે. સ્થાનિક કક્ષાએ પ્રાદેશિક કક્ષાએ, રાષ્ટ્રકક્ષાએ મતદાન કરીને નિયત મુદ્દત માટે ચૂંટેલા જનપ્રતિનિધિ જો યોગ્ય સેવા ન કરે તો લોકો અવાજ ઉઠાવતા રહે છે, પણ જો નિરર્થક પુરવાર થાય તો તે પ્રતિનિધિની ચૂંટણીમાં જેટલા મતદાતાઓએ મતદાન કર્યું હોય તે સંખ્યાના બેતૃતીયાંશ મતો જો નકારે તો પ્રતિનિધિની ચૂંટણી રદ થાય એવો રાઈટ ટુ રિકોલ પણ હોવો જોઈએ. આપાત્ર કે કૃપાત્ર ઠરેલ પ્રતિનિધિની ચાલી શકે નહી. આવી જોગવાઈ જિલ્લા મેજીસ્ટ્રેટ મારફત થઈ શકે. જનપ્રતિનિધિ ચૂંટાઈ ગયા બાદ બેદરકારી કે વિલાસપ્રિયતા કે મિથ્યાભિમાન, પક્ષપાત, આથરી શકે નહી. આવી સાચી લોકશાહી માટે નિષ્પક્ષ, હિમ્મતવાન ચૂંટણી અધિકારીઓ પણ જરૂરી છે. ભારતમાં તો રાષ્ટ્રપતિ અને ન્યાયાધીશો સામે મહાભિયોગની જોગવાઈ છે, તેજ રીતે જનપ્રતિનિધિઓ સ્થાને પણ જવાબદારી સંદર્ભમાં ચોક્કસ જોગવાઈ હોવી જોઈએ. જનપ્રતિનિધિનું પદ સન્માનપૂર્ણ હોવાથી આવી ગંભીર પ્રક્રિયા પૂરી ચોક્સાઈ સાથે જ થાય અને ગૌરવ ગરિમાને હાનિ ન પહોંચે તેની તકેદારી પણ તે સાથે જ જળવાય.

સુરત - યુસુફ એમ. ગુજરાતી

## નારી : શક્તિ, સંસ્કાર અને પ્રેરણાનું સ્ત્રોત

દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આપણને યાદ અપાવે છે કે સમાજના નિર્માણ અને વિકાસમાં મહિલાઓની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ છે. નારી માત્ર પરિવારની જવાબદારીઓ નિભાવતી વ્યક્તિ નથી, પરંતુ શક્તિ, સંસ્કાર અને પ્રેરણાનું સ્ત્રોત પણ છે. નારી એ એવી શક્તિ છે જે પરિવારને જોડીને રાખે છે અને આવનારી પેઢીને સારા સંસ્કારો આપે છે. જ્યારે એક મહિલા મજબૂત અને સન્માનિત હોય છે, ત્યારે તેનો સકારાત્મક પ્રભાવ સમગ્ર સમાજ પર જોવા મળે છે. મારા જીવનમાં પણ એવી ઘણી મહિલાઓ છે જેમણે મને જીવનના સાચા મૂલ્યો શીખવ્યા છે. મારી માતા શ્રીમતી મંજુ દેવી વિશ્વકર્મા એ હંમેશા અમને મહેનત, ઈમાનદારી અને સારા સંસ્કારોનું મહત્વ સમજાવ્યું છે. મારી પત્ની પૂજા વિશ્વકર્મા દરેક પરિસ્થિતિમાં મારી સાથે ઊભી રહીને જીવનમાં સહકાર અને સમજણની ભાવનાને મજબૂત બનાવે છે. મારી બહેન અનુ વિશ્વકર્મા હંમેશા પરિવારમાં પ્રેમ અને અપનાપો જાળવી રાખવાની પ્રેરણા આપે છે. અને મારી દિકરી અંશિકા વિશ્વકર્મા અમારા પરિવારની ખુશી જ નહીં, પરંતુ ભવિષ્યની આશા પણ છે. દિકરીઓને શિક્ષણ અને સન્માન આપવું એ એક સારા અને પ્રગતિશીલ સમાજની ઓળખ છે. આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ના અવસરે આપણે સંકલ્પ લેવો જોઈએ કે આપણે દરેક મહિલાનો સન્માન કરીશું અને તેમને આગળ વધવા માટે સમાન તક આપશું. નારીનો સન્માન જ એક સશક્ત અને પ્રગતિશીલ સમાજની ઓળખ છે.

સુરત - પવનકુમાર ડી વિશ્વકર્મા

## ધનુષ કોને આપવું?

ઉત્તર ગુજરાતમાં કોંગી રાજકારણના ગુરુનું ધનુષ પડ્યું સાથે રાજકીય સંન્યાસ જાહેર. 2027ની આવતી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી પૂર જોશમાં હોય તે કહેવામાં કોઈ ખોટું નથી. રાજકોટ કાલાવડનો રસ્તો શાહી મહેલની ઓળખ આપતો હોય તેવી ધરતી પરથી રાજ્યગુરુ ઈન્દ્રનીલનું કાયમી સન્યાસ લેવો એક જાહેર જીવનની ખોટ કહી શકાય છે. 2012 માં ચૂંટણી જીતીને જાહેર જીવનમાં લોક પ્રતિનિધિત્વની શક્તિ સારી એવી બતાવી હતી. 2017માં પોતાના વચન બંધ હોય તે રીતે ચૂંટણી લડવા માટે ઉતર્યા હતા અસફળ ભલે હોય પરંતુ બોલી અને વચનમાં પાકા સાબિત થયા હતા. રાજકીય રીતે ટેક રાખીને સત્તા પક્ષને કાઢવાની ટેક રાખનાર અચાનક વિદાય કેમ.? આ કદાચ એટલા માટે નિવૃત્તિ જાહેર કરી હશે. જોઈએ એવા કદાવર લોકહિત માનસ ધરાવનાર નેતાઓની ખોટ વર્તાતી હોય તે સ્પષ્ટ તેઓ જાણી ગયા હોય રાજકીય રીતે ખરું ખોટું ઉપજાવ ષડયંત્ર રચીને શારીરિક માનસિક રીતે પારિવારિક હેરાનગતિ કરવામાં કેન્દ્રીય સત્તાધારી લોકો કરવામાં માહેર હોય તે વાતનું કદાચ દુઃખ હોય એટલા માટે આવા કદાવર નેતાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હશે.?કોઈ ભ્રષ્ટાચારની કોલમ યાદ કરાવી હશે.?લોકસભાની ચૂંટણી સમયે અમરોલીના ધારાસભ્ય પરેશ ધનાણી અહીંથી ચૂંટણી લડ્યા હતા. તે સમયે રાજકોટનો કચવાટ પણ ઘણો બધો કચકચ થયો હતો. માહોલ જોવા જેવો સારો બન્યો હતો પરંતુ પરિણામ સત્તાધારી પક્ષને ફળ્યું છે. વિવાદિત રહેલા રૂપાલાજી વિજેતા થયા હતા.ખમીરવંતાધારી રૂપાણીની અચાનક વવિદાય કે ગેરહાજરી એવા માહોલમાં ક્ષત્રિય સામાજિક પાસું નબળું હશે કે મજબૂત તે આવનાર સમયમાં ખબર પડી શકે પરંતુ હાલમાં જે ઈન્દ્રનીલ રાજગુરુનો રાજકીય સન્યાસ સત્તાધારી પક્ષ જે કેન્દ્રીય લેવલનું દબાણ કહી શકાય તે અનુમાન પણ કેટલું યથા યોગ્ય છે. તેનો ખ્યાલ આવતા સમયમાં જાણી શકાય પરંતુ એ વાત સ્પષ્ટ થાય છે કે વર્ષોથી કોંગ્રેસના રાજકારણમાં પદ માટે ખેંચતાણ અને ભૂલ સ્વીકાર સમયે ખો ખોની રમત ચાલુ હોય છે. તેવા રાજકારણથી કંટાળીને પારિવારિક સુખદ જીવન જીવવાનો નિર્ણય કર્યો હશે. ગુજરાતની સામે આવતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમયે કદાવર નેતાનું રાજકારણ મૌન કરવું ઘણા બધા સવાલો પેદા કરે છે. તાજેતરમાં બિહારના રાજકારણને પણ અંદરથી જોવા જઈએ તો મુખ્યમંત્રીનું રાજીનામું અને રાજ્યસભામાં જવું એ પણ ઈડી અને સીબીઆઈની આંતરિક દખલગીરી જ છે. જેની ફળદ્રુપતા કેન્દ્રીય લેવલના નેતાઓના હાથમાં ગાંડીવ ધનુષને કઈ રીતે વાળવું કોને બાણ ચઢાવવા કહેવું તેની માહિતી ગરવી ગુજરાતના બે સેવકોને ફાળે જાય છે. લોકશાહી ની વ્યવસ્થા કઈ દિશામાં લઈ જવી કયા રાજ્યમાં કેટલો ભ્રષ્ટાચાર કરવો કયા રાજ્યને ફાયદો મળવો જોઈએ. તેની સીમારેખા બંધારણીય રીતે કેન્દ્ર સરકારના હાથમાં ઘણું હોય છે.

તાપી - હરીશકુમાર ચૌધરી

## જીવનની સફળતા

સફળ સુખી જીવન જીવવાની સૌ કોઈને ઈચ્છા હોય છે. જેમાં માત્રને માત્ર ભૌતિક સુખો, જાહોજલાલી જ આવશ્યક નથી પણ મુખ્યત્વે ત્રણ પરિબળોનો સમન્વય હોવો ખુબ જ જરૂરી છે. પ્રેમ, પૈસો તથા પરિવાર, વાણી, પાણી, કમાણી, સંબંધ, સંસ્કાર, સંપ, તન, મન, ધન, મિત્ર, છત્ર, ચરિત્ર. આ ત્રણેના સમીકરણોને સંતુલીત રાખવા, વ્યકિતની માનસિકતા, હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ જેવા પરિબળો થકી મજબૂત તથા શારીરિક, માનસિક સ્વસ્થતા જાળવવા અત્યંત જરૂરી છે.

સુરત - દિપક બી. દલાલ

## અફવા

અફવા એ સૌના મનમાં જિજ્ઞાસા જગાડતો શબ્દ કહી શકાય. અફવા એ એક એવી પ્રવૃત્તિ છે જે ખોટાને સાચું હોય એવું દર્શાવવાની આવડત. આજકાલ તો મોબાઈલનો યુગ ચાલે છે. જેમાં ફેસબુક, વોટ્સઅપ ઈન્સ્ટાગ્રામ અને સ્ટેટસ દ્વારા ચાલતી અનેક પ્રકારની અને વિવિધ જાતની વાતો સાંભળવા અને વાંચવા મળે છે, એ વાંચીને એ સાચી છે કે ખોટી એ ચકાસવાની પણ કોઈને જરૂર પડતી નથી. એ અફવાને તરત જ પોતાના ગ્રુપમાં ફોરવર્ડ કરવા જ માંડે છે. કોણ જાણે આ પ્રવૃત્તિમાં શું રસ પડતો હશે એ ભગવાન જ જાણે, પણ આટલું તો ચોક્કસ જ છે કે અફવાનું બજાર ગરમ જ રહેવાનું. અફવાને પોતાના પગ નથી હોતા છતાં એ સેકન્ડમાં કયાંના કયાં સુધી ફેલાઈ શકે છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ.

સુરત - શીલા